Research Review | ISSN: 2321- 4708
The Refereed & Peer Review International Journal | Nov. 2021, Year - 8 (103)
www.researchreviewonline.com | Paper ID: RRJ03043

# બરવાળા તાલુકાના ધોરણ-8 ના વિદ્યાર્થીઓને મૂલ્ય જાગૃતિ અંગેના કેટલાક ચલો ના સંદર્ભમાં અભ્યાસ

**By**
**CHAVDA PUSHPABEN N**
**PH.D RESEARCH SCHOLAR,**
**UNIVERSITY SCHOOL OF PSYCHOLOGY, EDUCATION AND PHILOSOPHY**
**GUJARAT UNIVERSITY, AHMEDABAD-380009.**

**સારાંશ**

બરવાળા તાલુકા ની ઉચ્ચતર પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની મૂલ્ય જાગૃતિ જાણવા માટે બરવાળા તાલુકાની ઉચ્ચતર પ્રાથમિક શાળાનામાં અભ્યાસ કરતા 242 વિદ્યાર્થીઓ પર અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો. વિદ્યાર્થી મૂલ્ય જાગૃતિ જાણવા માટે ડૉ.સતિશપ્રકાશ એસ શુકલ. દ્વારા પ્રમાણીકરણ કરેલી મૂલ્ય જાગૃતિ માપદંડનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.સર્વેક્ષણ કારણ તુલનાત્મક પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.માહિતી પૃથક્કરણ માટે આંકડાશાસ્ત્રીય પ્રયુક્તિ નો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**ચાવીરૂપ શબ્દો:** મૂલ્ય જાગૃતિ, ઉચ્ચતર પ્રાથમિક શાળા ,ધોરણ-૮ ના વિદ્યાર્થીઓ

## પ્રસ્તાવના

કેળવણી મૂલ્યલક્ષી પ્રક્રિયા છે. આ માટે મૂલ્ય શિક્ષણ અનિવાર્ય થઈ રહ્યું છે,તેથી બાળકને શાળાના શૈક્ષણિક વિષયોના જ્ઞાનને સાથે તેમના કેટલાક સદગુણો મૂલ્યો વગેરેનો જ્ઞાન આપવું જરૂરી બની જાય છે મૂલ્ય છે.આજે શાળામાં એવા પ્રશ્નો બને છે જેનાથી આશ્ચર્ય અનુભવાય છે ફાટેલા કપડા પહેલા પાર્લર વગર વિદ્યાર્થી મેદાનમાંથી મળેલ કોઈ વ્યક્તિ નો કોર્સ કે કોઈ વસ્તુ ઓફિસમાં આપી જાય છે વર્ગના અન્ય વિદ્યાર્થીઓને બેગમાંથી નોટબુક પેન કે પુસ્તક વગેરેની ચોરી કરતા પકડાઈ જાય છે આ બંને વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા એમ લાગે છે કે એક ગરીબ હોવા છતાં તેનામાં પ્રમાણિકતા નો ગુણ છે અને બીજો પ્રમાણિકતા જેવો મળતી નથી આજના વિદ્યાર્થીઓ માં મૂલ્યનો જોવા મળે છે.

ભારત સહિત વિશ્વના ઘણા દેશોમાં મૂલ્યોના અજય પતંગનો પ્રશ્ન સતાવી રહ્યો છે સમાજ અને શાળામાં મૂલ્યોનો વિકાસ થાય તેમજ શિક્ષણમાં પણ મૂલ્ય શિક્ષણ પણ વધુ ભાર મૂકાય તો વિદ્યાર્થીઓમાં મૂલ્ય અંગેની જાગૃતતા લાવી શકાય છે પ્રસ્તુત અભ્યાસમાં પણ ધોરણ આઠ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માં કેવા પ્રકારના મૂલ્યો વિકસેલા હોવા જોઈએ તેમનામાં મૂલ્ય જાગૃતિ લાવવા માટે કયા પ્રયત્નો હાથ ધરવા જોઈએ એ અંગેનો અભ્યાસ કરવા માટે પ્રસ્તુત સંશોધન હાથ ધરવામાં આવેલો હતું.

## સમસ્યાકથન

પ્રસ્તુત અભ્યાસનો સમસ્યા વિધાન નીચે મુજબ છે



Publishing URL: : http://www.researchreviewonline.com/issues/volume-8-issue-103-noember-2021/RRJ030443

**પદોની સૈધ્ધાંતિક વ્યાખ્યાઓ**

- મૂલ્યની સિદ્ધાંતિક વ્યાખ્યા

"મૂલ્ય એટલે એવું કંઈક જેને આપણે શું સારુ ગણીએ છે જેમકે દયા,પ્રેમ,પ્રમાણિકતા અનુભૂતિ" -જેલર હેનલરી

"મૂલ્ય એટલે જીવનમાં વણાયેલું વિવેક"

-કાકાસાહેબ કાલેલકર

- જાગૃતિની વ્યાખ્યા

જાગૃતિ કોઈ પણ પરિસ્થિતિ પ્રત્યે વ્યક્તિને સભાનતાને જાગૃતિ કહેવાય છે.

**અભ્યાસના હેતુઓ**

પ્રસ્તુત સંશોધન ના અભ્યાસ ના હેતુઓ નીચે મુજબ છે.

1. ધોરણ-૮ ના વિદ્યાર્થીઓ ના મૂલ્ય જાગૃતિ અંગેની કક્ષા જાણવી.
2. ધોરણ-૮ ના વિદ્યાર્થીઓ ના મૂલ્ય જાગૃતિ અંગે જા તેના સંદર્ભમાં અભ્યાસ કરવો.
3. ધોરણ-૮ ના વિદ્યાર્થીઓ ના મૂલ્ય જાગૃતિ અંગે વિસ્તારના સંદર્ભમાં અભ્યાસ કરો.

**અભ્યાસના ચલો**

| ક્રમ | ચલનો પ્રકાર | ચલ | કક્ષાઓ |
|---|---|---|---|
| 1 | સ્વતંત્ર ચલ | જાતિ | છોકરાઓ |
| | | | છોકરીઓ |
| | | વિસ્તાર | શહેરી |
| | | | ગ્રામ્ય |
| 2 | પરતંત્રચલ | મૂલ્ય જાગૃતિ | |

**અભ્યાસની ઉત્કલ્પનાઓ**

પ્રસ્તુત સંશોધનમાં અભ્યાસની ઉત્કલ્પનાઓ નીચે મુજબ આપવામાં આવી છે.

$Ho_1$ બરવાળા તાલુકાના ધોરણ આઠ ના છોકરાઓ અને છોકરીઓના મૂલ્ય જાગૃતિમાં બાળકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

$Ho_2$ બરવાળા તાલુકાના ધોરણ આઠના ગ્રામ્ય અને શહેરી વિસ્તારની શાળાઓના વિદ્યાર્થીઓમાં જાગૃતિ કસોટીમાં મેળવેલા પ્રાપ્તાંકો ની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.



Publishing URL: : http://www.researchreviewonline.com/issues/volume-8-issue-103-noember-2021/RRJ030443

ISSN: 2321- 4708
Nov. 2021, Year - 8 (103)
Paper ID: RRJ03043

$H_{o3}$ બરવાળા તાલુકાના ધોરણ આઠના શહેરી વિસ્તારના છોકરાઓ અને છોકરીઓ વચ્ચે મૂલ્ય જાગૃતિ કસોટીમાં મેળવેલા પ્રાપ્તાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય.

$H_{o4}$ બરવાળા તાલુકાના ધોરણ આઠના ગ્રામ્ય વિસ્તારના છોકરાઓ અને શહેરી અને છોકરીઓ મૂલ્ય જાગૃતિ કસોટીમાં મેળવેલા પ્રાપ્તાંકો ની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**વ્યાપવિશ્વ અને નિદર્શ**

**વ્યાપવિશ્વ**

બરવાળા તાલુકાની ગુજરાતી માધ્યમના ધોરણ-૮ ના વિદ્યાર્થીઓ પ્રસ્તુત અભ્યાસનો વ્યાપવિશ્વ છે.

**નિદર્શ**

પ્રસ્તુત અભ્યાસમાં બરવાળા તાલુકાના ધોરણ 8 માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ જેમાં ગ્રામ્ય વિસ્તારની ત્રણ શાળા અને શહેરી વિસ્તારની ત્રણ શાળાઓની પસંદગી યાદચ્છિક રીતે કરવામાં આવી છે.વિદ્યાર્થીઓની પસંદગી ઝુમખા પદ્ધતિથી 242 વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવેલી છે.

**સંશોધન પધ્ધતિ**

સંશોધકે પ્રસ્તુત સંશોધન માટે સર્વેક્ષણ પધ્ધતિમાં કારણ તુલનાત્મક પધ્ધતિનો ઉપયોગ કર્યો છે.

**ઉપકરણ**

પ્રસ્તુત સંશોધનમાં ડો.સતીષ પ્રકાશ એસ શુક્લ દ્વારા પ્રમાણિત કરેલ મૂલ્ય જાગૃતિ  માપદંડનો ઉપયોગ કરવામાં આવેલ છે.

**અભ્યાસની મર્યાદાઓ**

પ્રસ્તુત અભ્યાસ બરવાળા તાલુકાની ગુજરાતી માધ્યમની ધોરણ-૮ ના વિદ્યાર્થીઓ સિવાય અન્યનો સમાવેશ કરવામાં આવ્યો નથી.

**માહિતી એકત્રીકરણ યોજના**

પ્રસ્તુત સંશોધનમાં બરવાળા તાલુકાના ગ્રામ્ય અને શહેરી વિસ્તારની શાળાઓની મુલાકાત દરમિયાન આચાર્યને  મળીને અનુમતિ મેળવી અને અનુમતિ દરમિયાન સમય અનુકૂળ દરમિયાન વિદ્યાર્થીઓ પાસે કસોટી ભરાવવામાં આવી હતી.

**માહિતી વિશ્લેષણ**

પ્રસ્તુત અભ્યાસમાં માહિતી પૃથક્કરણ માટે સરાસરી પ્રમાણ વિચલન પ્રમાણભૂલ અને તેના આધારે t-મૂલ્ય ની ગણતરી કરવામાં આવી હતી.

**પરિણામો અને અર્થઘટન**

- બરવાળા તાલુકાનાં ધોરણ-8 વિધાર્થીઓનો જાતિના સંદર્ભમાં મૂલ્ય જાગૃતિના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત છે કે નહિ તે તપાસવામાં મૂલ્ય જાગૃતિ માપદંડમાં પ્રાપ્તાંકોની સરાસરી, પ્રમાણ વિચલન અને t-મૂલ્ય ની ગણતરી કરેલ છે જે નીચે મુજબ સારણી દર્શાવી છે.

**સારણી-1**

જાતિ મુજબ મૂલ્ય જાગૃતિ માપદંડનું t-મૂલ્યના આધારે વર્ગીકરણ

| જાતિ | સંખ્યા | સરાસરી | પ્રમાણવિચાલન | પ્રમાણભૂલ | t-મૂલ્ય |
|---|---|---|---|---|---|
| છોકરાઓ | 121 | 18.83 | 1.96 | 0.27 | 2.67 |
| છોકરીઓ | 121 | 18.12 | 2.17 | | |

સારણી -1 નો અભ્યાસ કરતાં જણાય છે કે t- મૂલ્ય 2.67 છે જે સારણી મૂલ્ય કરતાં વધુ છે તેથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર થાય છે. આથી કહી શકાય કે બરવાળા તાલુકાનાં ધોરણ-8 ના છોકરાઓ અને છોકરીઓ વચ્ચે મૂલ્ય જાગૃતિની કસોટીમાં મેળવેલ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત છે.

- બરવાળા તાલુકાનાં ધોરણ-8 વિધાર્થીઓનો વિસ્તારના સંદર્ભમાં મૂલ્ય જાગૃતિના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત છે કે નહિ તે તપાસવામાં કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી, પ્રમાણ વિચલન અને t-મૂલ્ય ની ગણતરી કરેલ છે જે નીચે મુજબ સારણી દર્શાવી છે.

**સારણી-2**

વિસ્તાર મુજબ મૂલ્ય જાગૃતિ માપદંડનું t-મૂલ્યના આધારે વર્ગીકરણ

| વિસ્તાર | સંખ્યા | સરાસરી | પ્રમાણવિચાલન | પ્રમાણભૂલ | t-મૂલ્ય |
|---|---|---|---|---|---|
| શહેરી | 120 | 18.61 | 2.04 | 0.27 | 1.01 |
| ગ્રામ્ય | 122 | 18.34 | 2.15 | | |

સારણી -2 નો અભ્યાસ કરતાં જણાય છે કે t- મૂલ્ય 1.01 છે જે સારણી મૂલ્ય કરતાં ઓછું છે તેથી શૂન્ય ઉત્કલ્પનાનો સ્વીકાર થાય છે. આથી કહી શકાય કે બરવાળા તાલુકાનાં ધોરણ-8 ના શહેરી વિસ્તારના વિધાર્થીઓ અનેગ્રામ્ય વિસ્તારના વિધાર્થીઓ વચ્ચે મૂલ્ય જાગૃતિની કસોટીમાં મેળવેલ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નથી.

- બરવાળા તાલુકાનાં ધોરણ-8 વિધાર્થીઓનો શહેરી વિસ્તારના છોકરાઓ અને છોકરીઓની અને ગ્રામ્ય વિસ્તારના છોકરાઓ અને છોકરીઓની મૂલ્ય જાગૃતિ માપદંડનું સંદર્ભમાં સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત છે કે નહિ તે તપાસવામાં માપદંડના પ્રાપ્તાંકોની સરાસરી, પ્રમાણ વિચલન અને t-મૂલ્ય ની ગણતરી કરેલ છે જે નીચે મુજબ સારણી દર્શાવી છે.

**સારણી-3**

**શહેરી વિસ્તારના છોકરાઓ અને છોકરીઓની મૂલ્ય જાગૃતિ માપદંડનું t-મૂલ્યના આધારે વર્ગીકરણ**

| શહેરી વિસ્તારના | સંખ્યા | સરાસરી | પ્રમાણવિચાલન | પ્રમાણભૂલ | t-મૂલ્ય |
|---|---|---|---|---|---|
| છોકરાઓ | 60 | 18.90 | 1.98 | 0.37 | 1.58 |
| છોકરીઓ | 60 | 18.32 | 2.05 | | |

સારણી -3 નો અભ્યાસ કરતાં જણાય છે કે t- મૂલ્ય 1.58 છે જે સારણી મૂલ્ય કરતાં ઓછું છે તેથી શૂન્ય ઉત્કલ્પનાનો સ્વીકાર થાય છે. આથી કહી શકાય કે બરવાળા તાલુકાનાં ધોરણ-8 ના શહેરી વિસ્તારના છોકરાઓ અને છોકરીઓ વચ્ચે મૂલ્ય જાગૃતિ માપદંડમાં મેળવેલ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નથી.

- બરવાળા તાલુકાનાં ધોરણ-8 વિધાર્થીઓનો ગ્રામ્ય વિસ્તારના છોકરાઓ અને છોકરીઓની મૂલ્ય જાગૃતિ માપદંડનું સંદર્ભમાં સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત છે કે નહિ તે તપાસવામાં કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી, પ્રમાણ વિચલન અને t-મૂલ્ય ની ગણતરી કરેલ છે જે નીચે મુજબ સારણી દર્શાવી છે.

**સારણી-4**

**ગ્રામ્ય વિસ્તારના છોકરાઓ અને છોકરીઓની મૂલ્ય જાગૃતિ માપદંડનું t- મૂલ્યના આધારે વર્ગીકરણ**

| જાતિ | સંખ્યા | સરાસરી | પ્રમાણવિચાલન | પ્રમાણભૂલ | t-મૂલ્ય |
|---|---|---|---|---|---|
| છોકરાઓ | 61 | 18.75 | 1.94 | 0.38 | 2.19 |
| છોકરીઓ | 61 | 17.92 | 2.27 | | |

સારણી -4 નો અભ્યાસ કરતાં જણાય છે કે t- મૂલ્ય 2.19 છે જે સારણી મૂલ્ય કરતાં ઓછું છે તેથી શૂન્ય ઉત્કલ્પનાનો સ્વીકાર થાય છે. આથી કહી શકાય કે બરવાળા તાલુકાનાં ધોરણ-8 ના ગ્રામ્ય વિસ્તારના છોકરાઓ અને છોકરીઓ વચ્ચે મૂલ્ય જાગૃતિ માપદંડમાં મેળવેલ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નથી.

**સંશોધનના તારણો અને ફલિતાર્થો**

1. બરવાળા તાલુકાના ધોરણ 8 છોકરાઓ અને છોકરીઓ મૂલ્ય જાગૃતિ માં સમાનતા જોવા છે.



Publishing URL: : http://www.researchreviewonline.com/issues/volume-8-issue-103-noember-2021/RRJ030443

2. બરવાળા તાલુકાના ધોરણ આઠના ગ્રામ્ય અને શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓમાં મુજે જાગૃતિ પ્રત્યે સમાનતા જોવા મળે છે.
3. બરવાળા તાલુકાના ધોરણ આઠના શહેરી વિસ્તારના છોકરાઓ અને છોકરીઓ મળ્યા જાગૃતિ પ્રત્યે સમાનતા જોવા મળે છે.
4. બરવાળા તાલુકાના ધોરણ આઠના ગ્રામ્ય વિસ્તારના છોકરાઓ અને છોકરીઓની મૂલ્ય જાગૃતિ માં સમાનતા જોવા મળે છે.

**સંશોધનના ફલિતાર્થો**

પ્રસ્તુત અભ્યાસમાં તારણો પરથી નીચે ના આપી શકાય છે.

1. શાળા કક્ષાએ એક વિષય તરીકે શીખવું જોઈએ.
2. વિદ્યાર્થીઓમાં પ્રત્યેની જાગૃતિ લાવવામાં શાળામાં પ્રથમ કા ભાગ મહાપુરુષોના જીવન ચરિત્ર લેખો હેમત મહાપુરુષોના જન્મ જયંતી મેં ઉજવણી જેવા કાર્યક્રમોનું આયોજન કરવું જોઈએ.
3. વિદ્યાર્થીઓમાં મળ્યા પ્રત્યેની જાગૃતિ લાવવા માટે વિદ્યાર્થીઓની અમદાવાદ જવાબદારીવાળા કાર્યો સોફા જોઈએ તેમના ચારિત્ર્યનું ઘડતર થાય તેવા કાર્યો કરવા માટે પ્રેરિત કરવા જોઈએ.
4. વિદ્યાર્થીઓમાં મૂલ્યો પ્રત્યેની જાગૃતિ વિકસાવવા કુટુંબ શાળા સમાજ તથા સરકાર દ્વારા હંમેશા પ્રયત્નશીલ રહેવું જોઈએ.

**ઉપસંહાર**

પ્રસ્તુત અભ્યાસમાં મૂલ્ય પ્રત્યેની જાગૃતિ જાતિ અને વિસ્તારનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. મૂલ્ય શિક્ષણ વધુ વેગવંતુ બનાવવામાં અને મૂલ્યનિષ્ઠ નાગરિકોનું વિદ્યાર્થીઓમાં શિક્ષા આપવામાં આવે તો વિદ્યાર્થીઓના ચારિત્ર્ય ઘડતર અને જીવન ઘડતર શ્રેષ્ઠ થઈ શકે છે. આ સંશોધન બરવાળા તાલુકાના ગુજરાતી માધ્યમની પ્રાથમિક શાળાના ધોરણ-8 ના વિદ્યાર્થીઓને મૂલ્યો પ્રત્યેની જાગૃતિ ના સંદર્ભમાં કરવામાં આવ્યો હતો.

## સંદર્ભસૂચિ

ઉચાટ, ડી.એ. (2009), **'શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનમાં સંશોધનનું પધ્ધતિશાસ્ત્ર'** (પ્રથમ આવૃત્તિ), રાજકોટઃ શિક્ષણશાસ્ત્ર ભવન.

દેસાઈ, કે.જી. (2013), **'શૈક્ષણિક પ્રાયોગિક'** (આઠમી આવૃત્તિ), અમદાવાદઃ યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ.

મોહિનીબેન આચાર્ય (2009), **'શિક્ષણમાં સંશોધનનું પધ્ધતિશાસ્ત્ર'** (પ્રથમ આવૃત્તિ), અમદાવાદઃ અક્ષર પબ્લિકેશન.

પટેલ, આર.એસ. (2015), **'સંશોધનનું પધ્ધતિશાસ્ત્ર'** (ત્રીજી આવૃત્તિ), અમદાવાદઃ જય પબ્લિકેશન.

શાહ, ડી.બી. (2004), **'શૈક્ષણિક સંશોધન'**, અમદાવાદઃ યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ.

શુક્લ, એસ.એસ. (2012), **'એક્સલ અને પ્રદત્ત વિશ્લેષણ'** (પ્રથમ આવૃત્તિ), અમદાવાદઃ ક્ષિતિ પબ્લિકેશન.

શુક્લ, એસ.એસ. (2014), **'સંશોધન એક પરિચય'** (પ્રથમ આવૃત્તિ), અમદાવાદઃ ક્ષિતિ પબ્લિકેશન.

Best, John, W. (1966), **'Educational Research'**, New Delhi : Arya Book Depot.

Chaudhary P., (2016), **'Secondary Education in India, Issues and Concerns'**

## Websites

Archaeology.about. com
Archive. Org
Education-portal. Com
Researchproposalsforhealthprofessionals. Com